# આર. એન. લલિતકલા દ્વારા એક દિવસીય ગરબા શિબિર યોજાઈ

## શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયાં



કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત સેકટર-૨૩ ખાતે આવેલ આર.એન. લલિતકલા આર્ટ એન્ડ હોબી દ્વારા ગરબા શિબિર આયોજન કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત વિવિધ વિભાગોમાંથી ગરબામાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓને લઈને ગરબા શિબિરનું આયોજન કરાયું હતું. જેનાં ઉદ્‌ઘાટન પ્રસંગે ફૅકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વિણાબેન પટેલ, કૅમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, આર.એન. લલિત કલાના આચાર્યા દીનાબેન ડોડિયા, પત્રકારત્વ વિભાગના વ્યાખ્યાતા મિતેશ મોદી, ગરબાના તજજ્ઞ જયદીપ ઉપલા ઉપસ્થિત રહ્યા હતા.

એક દિવસીય શિબિરમાં કડી વિશ્વ વિદ્યાલયના વિવિધ વિભાગોમાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. દિવસના અંતે તાલીમાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ પ્રગટ કર્યા હતા. તથા ગરબાની સુંદર રજૂઆત કરી હતી.

શિબિરનાં સમાપન કાર્યક્રમમાં આશાબેન સરવૈયા દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં આભારવિધિ અનિતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા પાંચમો વિદ્યાર્થી ઈનામોત્સવ યોજાયો

## ૧૭૫ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં

## બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કર્યો



તસવીર : દિપક જાની



ગાંધીનગર, તા. ૧૪

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા આજે પાંચમો ઈનામોત્સવ બલરામ ભવન, સૅકટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે સમાજનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પણ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગીત, નૃત્ય અને અભિનયની કૃતિઓ બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી, જેને ઘણી પ્રશસ્તિ મળી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારાં બાળકોને પણ સંસ્થા તરફથી પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આજે બપોરે મુખ્ય મહેમાન પી આર વઘાસીયા, કુંવરજીભાઈ પટેલ, કેતનભાઈ ધોળુ, મગનભાઈ કાકડિયા અને પ્રદીપભાઈ ગગલાણીના હસ્તે મંગળ દીપ પ્રાગટ્ય દ્વારા પાંચમા ઈનામ વિતરણ સમારોહનો વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો હતો. એ પછી સંસ્થાના પ્રમુખ જીલુભાઈ ધાધલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત તેમણે સંસ્થાની ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓ તથા આગામી પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિઓના હસ્તે સંસ્થાની પરિચય પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પોતાના ઉદ્‌બોધનમાં પ્રદીપભાઈ ગગલાણી અને પી આર વઘાસીયાએ ઈનામ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને અભિનંદન આપી તેમને જીવનના દરેક ક્ષેત્રમાં જ્વલંત સફળતા મેળવવાની શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમના અંત ભાગમાં ધોરણ-૧ થી ૧૨ની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનાર સમાજના સભ્ય પરિવારોના વિદ્યાર્થીઓને ઈનામ રૂપે ટ્રૉફી ઍનાયત કરવામાં આવી હતી.

અંતે, આભાર દર્શન હેમાંગભાઈ દોશી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રી ખેતીયા તથા જીલુભાઈ ધાધલ દ્વારા સંભાળવામાં આવ્યું હતું.

# વ્યંગ વિશ્વ

- દિપેશ પરમાર





















પૂજન ડાન્સીંગ ક્લાસના ઉત્સાહી ખેલૈયાઓ નવરાત્રી માટે પૂર્ણપણે સજ્જ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે પૂજન ખાતે એક એનઆરઆઈ બેચ પણ ચલાવવામાં આવી છે, જેમાં લંડનની નીતા અને જર્મનીની સારા હિલેરે ઉત્સાહપૂર્વક રાસ-ગરબાની તાલીમ પ્રાપ્ત કરી છે. સારા તો હવે ચેમ્પિયનની અદાથી ગરબા રમે છે.

# મહિલાઓને તનાવમુક્ત રાખવા માટે લાયોનેસ ક્લબ દ્વારા માર્ગદર્શક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

'મનનાં કુરુક્ષેત્રમાં સતત ચાલતી લાગણીઓની લડાઈમાં લડવું અને લડવું એટલે ટકી રહીને લડવું, હકારાત્મક રીતે લડવું. જાત સાથે વાતની કળા કેળવવાથી હતાશામાંથી જાતે જ બહાર આવી શકાય. તનાવની સંપૂર્ણ નાબૂદી શક્ય નથી એની સાથે એની વચ્ચે જીવતાં શીખવું એ જ સલાહ ભરેલું છે.' આ સાર છે જાણીતા મનોચિકિત્સક ડૉ. મૃગેશ વૈષ્ણવનો. માનસિક હતાશા આજકાલ હૃદયરોગ કરતાં પણ વધુ જીવલેણ સાબિત થઈ રહી છે ત્યારે જાગૃતતા ખૂબ અનિવાર્ય થઈ ગઈ છે. સમાજની આ તાતી આવશ્યકતામાં બહેનોને માર્ગદર્શન મળે એ હેતુથી લાયોનેસ ક્લબ ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી ઉષાબેન ગજ્જરે સુંદર આયોજન કર્યુ

મુખ્યત્વે બહેનોના ઉપલક્ષ્યમાં, 'વિધ માનસિક આરોગ્ય દિન' નિમિત્તે 'સ્ત્રીઓમાં માનસિક હતાશા અને તાણ' વિષયક કાર્યક્રમ યોજાઈ ગયો. લાયો. મંજુલાબેન ભલગામી દ્વારા પ્રાર્થનાગીત અને સ્વાગતની પ્રારંભિક વિધિ બાદ ડૉ. વૈષ્ણવના વક્તવ્યમાં તેમણે જણાવ્યું કે આજના યુગમાં હૃદયરોગ પછી ડિપ્રેશન જ વધુમાં વધુ મૃત્યુનું કારણ બની રહ્યો છે. નાના બાળકથી શરૂ કરી વૃદ્ધ સુદ્ધા કોઈપણ વ્યક્તિ ડિપ્રેશનનો શિકાર બની શકે છે. સમય પાછળ ભાગતાં માણસ પાસે કોઈ વિકલ્પ જ નથી અને એટલે જ એ આસાનીથી આ રોગનો શિકાર થઈ જાય છે. માણસના મનમાં થતાં સતત લાગણીઓના ચઢાવ-ઉતાર અને આ રોગ વચ્ચે ખૂબ પાતળી ભેદરેખા છે. આથી યોગ્ય સમયે યોગ્ય નિદાન અને સારવાર માણસનું જીવન બચાવી શકે છે. ખૂબ સરળ ભાષામાં સહજતાથી આ સ્થિતિ સામે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું છે કે 'પરફેક્શનીસ્ટ' બનવાનો પ્રયત્ન કરનાર સૌ કોઈ ડિપ્રેશનને નોંતરે છે. આખી દુનિયાને ભાંડવાને કારણે કોઈને પ્રેમ નથી કરી શકતા ત્યાં સુધી કે તેઓ પોતાની જાતને પણ પ્રેમ કરી શકતા નથી. આવી લાગણી આત્મધિક્કાર ઉભો કરે છે જે ડિપ્રેશન તરફ દોરી જાય છે. વ્યક્તિનું વર્તન સતત બગડતુ જાય છે, અને અણગમતી ઘટનાઓનું પુનરાવર્તન જ થતું જાય છે. સુંદર શેર-શાયરી દ્વારા સુશોભિત ડૉ. વૈષ્ણવના વક્તવ્યને સૌએ મનભરીને માણ્યું. કાર્યક્રમની સાથે તેઓના પુસ્તકોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું.

ઈન્ડિયન સોસાયટી ઓફ સાયકાસ્ટ્રીસની ગુજરાત શાખાના ડોક્ટર્સ ડૉ. હિમાંશુ દેસાઈ, ડૉ. સુહાસ દર્શનાબેન, દક્ષાબેન તેમજ અધિક્ષક ડૉ. ચૌહાણ દ્વારા રોલ પ્લે બતાવી માનસિક રોગો અને તેના નિદાનનું આબેહૂબ ચિત્ર રજૂ કરાયું હતું. આ ડોક્ટર્સે પ્રેક્ષકોના પ્રશ્નોના સંતોષજનક જવાબો પણ આપ્યા હતા. શહેરના અગ્રણી નાગરિકો અને ડોક્ટર્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સેક્રેટરી વૈશાલી જોષીએ સૌ ડોક્ટર્સ, ઉપસ્થિત પ્રેક્ષકો, મેમ્બર્સ, ભૂ.પૂ. પ્રમુખશ્રીઓ તેમજ કાર્યક્રમના સંચાલિકા લાયો. શોભાબેન શાહનો આભાર માન્યો હતો.

# પરાત્પર બ્રહ્મની અનુભૂતિ પ્રણવની સાધના અથવા નાદની ઉપાસનાથી જ સિદ્ધ થાય છે

## ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો અધ્યાત્મ સાથે જોડાયેલા હોવાને કારણે ભારતીય જીવન શૈલીની સાથે વણાયેલી પ્રત્યેક કલાનું ધ્યેય આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરવાનું છે

### સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો અધ્યાત્મ સાથે જોડાયેલા હોવાને કારણે ભારતીય જીવન શૈલીની સાથે વણાયેલી પ્રત્યેક કલાનું ધ્યેય આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરવાનો છે. ભારતીય કલાનું પ્રધાન લક્ષ્ય ભૌતિક સ્તર પર મનોવિનોદનું સાધન ન રહીને ભક્તિ, ધર્મ, ઉપાસનાના રૂપમાં પરમાનંદ અને આત્મિક શાંતિ મેળવવાનું છે.

ભારતીય જીવન પદ્ધતિમાં અધ્યાત્મની પ્રધાનતા હોવાને કારણે ભારતીય સંગીત કલા પણ પ્રારંભથી ધર્મના આશ્રયમાં વિકસીત થઈ. તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે...

પં. સારંગદેવ-સંગીત રત્નાકરમાં સંગીતના માહાત્મ્યનું વર્ણન કરતાં લખે છે કે,

તસ્ય ગીતસ્ય, માહાત્મ્યં કી પ્રંશસિતુમીશતે।

ધર્માર્થ કામ મોક્ષણમિદ મેવૈક સાધનમ્॥

અર્થાત્ તે ગીતના માહાત્મ્યની પ્રશંસા કરવામાં કોનુ સામર્થ્ય છે કે જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવા માટેનું એક માત્ર સાધન છે,

સ્વરમેલ કલાનિધિમાં પં. રામાત્યએ કહ્યું છે કે...

'ગીતેન પ્રીયતે દેવઃ સર્વજ્ઞ પાર્વતીપતિ :॥

ગોપી પતિરનં તૌડપિ ગીત ધ્વનિ વંશગત :॥'

અર્થાત્ત પાર્વતીપતિ મહાદેવ ગીતથી સંતુષ્ટ થાય છે તથા ગોપી પતિ ભગવાન કૃષ્ણ જે અનંત છે તે પણ સંગીત ધ્વનિથી વશીભૂત છે.

શ્રીમદ્ ભાગવતમાં વર્ણન છે કે...

'તદૈવ રમ્યં રચિરં નવં નવં, તદેવ શાશ્વન્મન સૌ મહોત્સવમ્।

તદેવ શોકાર્ણવ શોષણં નૃણાં, યદત્તમશ્લોક ય શોડનુગીયતે॥'

અર્થાત્ જે વાણીથી ઉત્તમ યશવાળા ભગવાનનું યશોગાન કરવામાં આવે તે જ વાણી મનના માટે મનોહર, અતિ રમણીક, શોક-સિન્ધુને શાંત કરવાવાળી અને સદૈવ દેવોને પ્રિય લાગવવાળી છે. તેથી જ ભગવાને નારદજીને કહ્યું કે...

'નાહં વસામિ વૈકુણ્ઠે યોગિનાં હૃદયે નચ, ભદ્ ભકતાયત્ર ગાયન્તિતત્ર તિષ્ઠામિ નારદઃ।'

ઉપરોક્ત ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે સંગીતમાં ઈશ્વરના સાક્ષાત્કાર કરવાની અસીમ શક્તિ નિહિત છે. આ જ સાધકના જીવનનો ઉચ્ચતમ ધ્યેય છે. આની પ્રાપ્તિ માટે સાધક દશ્યજગતના માયામય વિકારોથી ઉપર ઊઠીને પોતાના આત્માના આનંદમય સ્વરૂપની સાથે તાદાત્મ્ય સ્થાપિત કરે છે.

પં. ઓમકાર ઠાકુરજીએ - પ્રણવ ભારતીમાં લખ્યું છે કે...

'સમસ્ત કલાઓમાં સંગીત જ એક એવી કલા છે કે જેનું સ્વરૂપ પ્રગટ કરવા માટે માત્ર સંતુલિત નાદની જરૂર પડે છે. નાદને બ્રહ્મરૂપ માનવામાં આવે છે. યોગિઓ અને મહર્ષિઓ એ નાદને નિર્ગુણ બ્રહ્મસ્વરૂપનું સગુણ રૂપ કહ્યું છે.'



પરાત્પર બ્રહ્મની અનુભૂતિ પ્રણવની સાધના અથવા નાદની ઉપાસનાથી જ સિદ્ધ થાય છે. બ્રહ્માંડમાં નાદ અને આકાશ આ બે જ તત્ત્વ એવાં છે જે સર્વવ્યાપી છે તથા શબ્દ અથવા નાદ આકાશનો ગુણ છે. અગ્નિ અને વાયુના સંયોગથી ઉત્પન્ન નાદ એ અવ્યક્ત ધ્વનિ છે. આ જ અવ્યક્ત ધ્વનિમાં વ્યક્ત રૂપ છુપાયેલું છે. આ વ્યક્ત સ્વરૂપને જ સંગીત ઉપયોગી આહતનાદ કહે છે. વિશ્વના બધા જ ધર્મોએ, ભક્તોએ, ઉપાસકોએ આ જ આહતનાદ કે જે મનરંજક, જનરંજક, ભવરંજક અને આત્માનિભંજકને અપનાવ્યો છે. જે સુખપ્રદ અને આનંદપ્રદ છે. નાદની ઉપાસના દ્વારા જ માનવ અધ્યાત્મની સાથે જોડાઈ શકે છે.


વેદ, ઉપનિષદ્, યોગદર્શન, વ્યાકરણ અને અધ્યાત્મ વિદ્યા આર્ય સંસ્કૃતિના આ આદ્ય ગ્રંથ - શાસ્ત્રોમાં નાદને મહત્ત્વ આપવામાં આવ્યું છે અને કહેવાયું છે કે હૃદયના આવેગો, ભાવોની સંવેદના, જ્ઞાન અને વિચારવાની શક્તિ આ બધી જ અભિવ્યક્તિ વાણી દ્વારા થાય છે. આ વાણી સ્વરમયી અને શબ્દમયી છે અને સ્વર તથા શબ્દ નાદને આધિન છે, તેથી જ...

'નાદને વ્યજ્યતે વર્ણઃ પદં વર્ણત્ પદાદ્વચઃ। વચસો વ્યવહારો યં નાદાધીન મિંદ જગત॥

અર્થાત્ નાદથી વર્ણ, વર્ણથી પદ, પદથી વાણી અને વાણીથી અભિવ્યક્તિ થાય છે. અને વાણીથી જ સમગ્ર સૃષ્ટિનો વ્યવહાર ચાલે છે.

સંગીત અનુભવની વસ્તુ છે, અનુભવ ચેતાનું ફળ છે અને ચેતનાનો આધાર પ્રાણ છે. પુનઃ પ્રાણવાયુ જ વાણીનું કારણ છે. જેને યોગીઓએ યોગસાધનાનો પ્રમુખ આધાર માન્યો છે. યોગસાધનામાં નિર્દિષ્ટ અષ્ટંગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ વગેરે સંગીત સાધનામાં આપોઆપ સમાહિત થઈ જાય છે.

ઉપરોક્ત બાબતોને કારણે જ સંગીતને અન્ય કલાઓથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં સંગીતનતે ગાન યોગ અને સંગીત સાધકને ગાન યોગી કહેવામાં આવે છે. સંગીત દ્વારા સાધક સૌપ્રથમ સ્વર સાધના દ્વારા કુંડલિની જાગ્રત કરે છે, ત્યારબાદ સ્વરસાધના દ્વારા તે રાગોને આત્મસાત કરે છે. યોગીઓએ મસ્તકમાં ચાર પ્રકારની બુદ્ધિ માની છે - બુદ્ધિ, મેઘા, પ્રજ્ઞા અને ઋતુંભરા. સ્વરોની પહોંચ બુદ્દિની અંતિમ સ્થિતિ સુધી છે. જે શબ્દ સ્વરૂપે સ્થિત છે અને પ્રત્યેક શબ્દનો પોતાનો અર્થ હોય છે. આ જ શબ્દ શક્તિ દ્વારા મંત્રોની વૃધ્ધિ થઈ તથા પ્રત્યેક મંત્રનો એક પ્રભાવ હોય છે. શબ્દ દ્વારા મંત્ર અને મંત્રની સાથે સ્વર સમાગમ એ જ એક અધ્યાત્મયોગ છે. તેથી જ શબ્દનો 'જાપ' અને સ્વર અભ્યાસ કરવાથી મોક્ષ માર્ગને સરળ અને પ્રશસ્ત બનાવી શકાય.



સંગીત સાધના કરતાં કરતાં ચિત્ત જ્યારે સ્થિતપ્રત અવસ્થામાં સ્થિર થઈ જાય છે ત્યારે સાધકને માધુયર્ય અને સત્યનો વૈભવ ઉપલબ્ધ થાય છે. ત્યારે અનેકતામાં એકતાનો બોધ મળે છે. આમ, ચિત્તનું આવરણ હટવાની સાથે જ્ઞાનની જ્યોત પ્રગટીને આત્મજ્યોતિનાં દર્શન થાય છે. સાધક જ્યારે આ જ્યોતિપુંજમાં લીન થઈ જાય છે ત્યારે સંસારની સમસ્ત ગતિવિધિની ઉપેક્ષા કરીને સંગીતના સ્વરોમાં લીન થઈને બાહ્ય જગતથી એક અલગ અસ્તિત્વમાં ખોવાઈ જાય છે. આધ્યાત્મિકતાનું મૂળ એકાગ્રતામાં જ નિહિત છે. અને સંગીત કલાનો પ્રારંભ જ એકાગ્રતાથી થાય છે. કારણ કે સ્વરોની સાધના (એકાગ્રતા) વિના સંગીત શક્ય નથી. તેથી જ સંગીતકાર પ્રારંભથી જ અધ્યાત્મવાદ સાથે આપોઆપ જોડાઈ જાય છે.

અધ્યાત્મને જાણવા માટે ન તો તેને યોગસાધના, મંત્રસાધના, પ્રાણાયામ, યમ-નિયમ, ભક્તિયોગની જરૂર રહે છે કે ન તો કોઈ અધ્યાત્મના શાસ્ત્રના અભ્યાસની કે ન તો કથા કર્મકાંડની. માત્ર સ્વર, લય અને તાલની ઉપાસના જ સંગીત સાધકને પરમતત્ત્વમાં એકાકાર કરી દે છે. આ જ તો સંગીતનું અધ્યાત્મ છે. એવું કહેવામાં જરાય અતિશયોગ્તિ નથી કે એક સાચો સંગીતનો સાધક એ એક અધ્યાત્મ ગુરુ છે. કારણ કે પોતે તો સંગીત સાધના કરીને તન્મયતા મેળવે છે. સાથે તેને સાંભળવાવાળા હજારો શ્રોતાઓને પણ તે સંગીતના અધ્યાત્મ સાથે જોડીને ભવસાગર પાર કરાવી આનંદના ઉચ્ચ શિખર પર પહોંચાડે છે. તેથી જ સંગીત એ એક અધ્યાત્મ છે.